"ચાર(૦૪) વિભાગીય વિશ્લેષણ સમિતિઓની રચના તથા માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળના રાજ્યકક્ષાના ૧૦% અનુદાનમાંથી રૂ.૯૩.૮૦/- લાખ રકમની ફાળવણી કરવા બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક: એનજીપી/૧૦૨૦૧૯/૦૯/પી**

**સચિવાલય, ગાંધીનગર**

તા.૨૮/૦૨/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) કમિશ્નરશ્રી, આ.વિ, ગાંધીનગરના, તા.૨૪/૧૨/૨૦૧૯ના પત્ર ક્રમાંક: અવક/વિમુવિ/ગુ.પે(રા.ક)/ વિ.વિ.સ.મા.ખ.સુવિધા/ફા.નં.૪૪/૨૦૧૯/૨૧૨૧ થી મળેલ દરખાસ્ત.

(૨) આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૮/૦૫/૨૧૨નો ઠરાવ ક્રમાંક: NGP/102018/924/P થી આપેલ સૂચન.

પ્રસ્તાવના:-

વંચાણે લીધેલા ક્રમ(૧) સામેના પત્રથી જાતિ પ્રમાણપત્રોની ચકાસણી અંગેના ભારણને ધ્યાને લઇ વિભાગીય વિશ્લેષણ સમિતિઓ ની રચના કરવાની તથા માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા જરૂરિયાત જણાય છે. જે પૈકી ત્રણ(૦૩) સુચિત વિભાગીય વિશ્લેષણ સમિતિઓ; સુરત, ગાંધીનગર-૧, ગાંધીનગર-૨ તથા વિભાગીય વિશ્લેષણ સમિતિ-વડોદરા માટે પ્રતિ સમિતિ દીઠ રૂ.૨૩.૪૫ લાખનો ખર્ચ સૂચવેલ હોય, કુલ રૂ.૯૩.૮૦/- લાખના અંદાજિત ખર્ચના સદરહુ કામને ૧૦% ગુજરાત પેટર્ન રાજ્ય કક્ષાના આયોજનમાં સમાવેશ કરવા કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી દ્વારા અત્રે દરખાસ્ત કરેલ છે. જે ધ્યાને લઇ સમિતિ દીઠ રૂ.૨૩.૪૫/- લાખ એમ કુલ રૂ.૯૩.૮૦/- લાખ રકમની જોગવાઇ ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ રાજ્ય કક્ષાના ૧૦% અનુદાનમાંથી ફાળવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે કુલ ચાર વિભાગીય વિશ્લેષણ સમિતિઓ- સુરત, ગાંધીનગર-૧, ગાંધીનગર-૨ અને વડોદરા માટે માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ રાજ્ય કક્ષાના ૧૦% અનુદાનમાંથી રૂ.૯૩.૮૦/-લાખ રકમની જોગવાઇ નીચેની શરતોને આધીન આથી ઉક્ત રકમ ફાળવવા માટેની મંજૂરી આપવામાં આવે છે. પ્રતિ વિભાગીય વિશ્લેષણ સમિતિ દીઠ કોમ્પ્યુટર, ફર્નિચર, સ્ટેશનરી, વાહન વ્યવસ્થા વગેરેનો ખર્ચ આ સાથે સામેલ પત્રક-૧ મુજબ રૂ. ૨૩.૪૫/- લાખ પ્રતિ સમિતિ ખર્ચ કરવાની પણ આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ અંગેનો તમામ ખર્ચ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી દ્વારા કરનાર હોઇ, જરૂર જણાય તે બાબતે નાણાં વિભાગના વખતોવખતના નીતિ નિયમો તથા સરકારના પ્રવર્તમાન નીતિ-નિયમોનુસાર યોગ્ય કક્ષાએ આ દરખાસ્ત અન્વયે જરૂરી મંજૂરીઓ મેળવી લેવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અંગે કરવાનાં થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આ યોજનાની ગ્રાન્ટ ૧૦૦% આદિજાતિના બજેટ હેઠળની હોવાથી, કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી દ્વારા માર્ગદર્શન, સંકલન તથા જરૂરી સૂચનો(સજેશન) આપી શકાશે.

(૬) **આ ઠરાવનો અમલ સૂચિત વિશ્લેષણ સમિતિની રચના થયા બાદ કરવાનો રહેશે.**

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક:૯૬, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતીઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૨ અનુસૂચિત આદિજાતીઓનું કલ્યાણ, ગૌણ સદર:૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: ૯૦ હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ ન્યુ ગુજરાત પેટર્ન હેઠળની રાજ્યકક્ષાના કામોની પસંદગી સમિતિ દ્વારા સર્ક્યુલેશનથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આઇ.ઠક્કર)
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

બિડાણ: ઉપર મુજબ

**નકલ રવાના:**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩૫/૫૮

[redacted]

પત્રક-૧

## એક વિભાગીય વિશ્લેષણ સમિતિ માટે ખરીદવાના થતા નીચે મુજબની આઇટમો માટેનો અંદાજીત ખર્ચ.

| અનુ.નં | આઇટમનું નામ | ખરીદવાના થતા નંગ | પ્રતિ નંગ અંદાજીત કિંમત | અંદાજીત કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર સેટ | ૧૨ | ૩૫,૦૦૦/- | ૪,૨૦,૦૦૦/- |
| ૨ | પ્રિન્ટર | ૧૨ | ૧૦૦૦૦/- | ૧,૨૦,૦૦૦/- |
| ૩ | સ્કેનર | ૦૨ | ૫,૦૦૦/- | ૧૦,૦૦૦/- |
| ૪ | ઝેરોક્ષ મશીન | ૧ | ૧,૨૫,૦૦૦/- | ૧,૨૫,૦૦૦ |
| ૫ | ફર્નિચર ઓફિસર ટેબલ રીવોલિંગ ચેર તથા બોક્સ કબાટ તેમજ અન્ય ફર્નિચર | ૩ સેટ | ૧,૫૦,૦૦૦/- | ૪,૫૦,૦૦૦/- |
| ૬ | કર્મચારીઓ માટે ક્યુબિકલ બેઠક વ્યવસ્થા, લાઇટ ફિટીંગ, પંખા, ટ્યુબલાઇટ, લોકર વગેરેની અન્ય સુવિધાઓ | | - | ૬,૦૦,૦૦૦/- |
| ૭ | વાહન વ્યવસ્થા ડ્રાઇવર સાથે આઉટ્સોર્સિંગ (રેન્ટ ઉપર) જાન્યુઆરી ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૦ | ૧ | ૪૦,૦૦૦/- | ૧,૨૦,૦૦૦/- |
| ૮ | સ્ટેશનરી ખર્ચ | | | ૫,૦૦,૦૦૦/- |
| | | કુલ :- | | ૨૩,૪૫,૦૦૦/- |

(માન. કમિશ્નરશ્રીએ મંજુર કરેલ કાર્યાલય નોંધઅનુસાર)

સંયુક્ત કમિશ્નર